# શહેરમાં ગરમીમાં ઘટાડો

**મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી નીચે ઉતર્યુ : ગઇકાલે ૪૪ ડીગ્રીને પાર ગરમી પહોંચી ગયા બાદ નગરજનોએ આજે ગરમીમાં થોડી રાહત અનુભવી : બપોરના સમયે આકરા તાપ વચ્ચે ગરમ લુ ફૂંકાઇ**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ હજુ આકરો છે. છેલ્લા એક સપ્તાહથી આકરી ગરમી વેઠતા શહેરીજનોને હજુ ગરમીમાં રાહત થઈ નથી. જો કે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનુ જોર થોડુ હળવુ થતા શહેરીજનોએ હાંશકારો અનુભવ્યો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી નોંધાયુ હતુ. ગરમીનો પારો દોઢ ડીગ્રી નીચે ઉતર્યો હતો. પરંતુ દિવસના બપોરના સમયે અંગારા વરસાવતી ગરમીનુ જોર યથાવત રહ્યુ હતુ.

છેલ્લા એક સપ્તાહથી શહેરમાં ગરમીનો પારો સતત ઉંચે ચઢી રહ્યો છે. જેના લીધે શહેરીજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી વેઠવાનો વારો આવ્યો છે. ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૪૪.૧ ડીગ્રી પહોંચી જતા શહેરીજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી અનુભવી હતી. છેલ્લા ઘણાં દિવસોથી ગરમીનો મિજાજ આક્રમક છે. જેના લીધે મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી થી ઉંચુ જ રહે છે. પરંતુ છેલ્લા સપ્તાહથી મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડીગ્રી વચ્ચે રહેતા અસહ્ય તાપના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત છે. આકરા તાપે સૌ કોઈને બેચેન કરી

● અનુસંધાન પાન-૭ પર



# ઈન્ટરનેશનલ યોગ સ્પોર્ટ્સ ફેડરેશનના ચેરમેન પદે મહેન્દ્ર ત્રિવેદીની વરણી

ગાંધીનગર, તા. ૩૦

વિશ્વના ૨૧ દેશોનું સંગઠન ધરાવતા ઈન્ટરનેશનલ યોગ સ્પોર્ટસ ફેડરેશનના ચેરમેન તરીકે નગરના અગ્રણી અને ભાવનગરના વતની પૂર્વ સાંસ્કૃતિક મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીની નિમણૂંક કરવામાં આવી છે. દિલ્હી ખાતે મળેલી ફેડરેશનની સામાન્ય સભામાં વિશ્વના ૨૧ યોગ ગુરૂઓની

**વિશ્વના ૨૧ દેશોનુ સંગઠન ધરાવતા ફેડરેશનના યોગ ગુરૂઓની હાજરીમાં નિર્ણય લેવાયો**

ઉપસ્થિતિ વચ્ચે તેમને આ નિમણૂંકથી નવાજવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહ અને સાંસ્કૃતિક મંત્રી તરીકે ઉમદા સેવા પુરી પાડ્યા બાદ રમત-ગમત કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે આજે પણ મહેન્દ્ર ત્રિવેદી યુવાઓને પ્રોત્સાહિત કરી રહ્યા છે. ત્યારે યુવા જેવો જોમ-જુસ્સો ધરાવતા મહેન્દ્રભાઈની સાયકલ સવારી પણ યુવાનો માટે પ્રેરણાદાયી છે. યોગને રમત-ગમત ક્ષેત્રે માતા તરીકે ઓળખવામાં આવે છે. દેશમાં ઋષિમુનીઓના કાળથી યોગ એક આધ્યાત્મિક અને સ્વાસ્થ્યવર્ધક પદ્ધતિ તરીકે શિરમોર છે. માટે જ શરીરને નિરોગી રાખતા વિવિધ યોગાસનોની રમત-ગમત તરીકે સ્વિકૃતિ થાય તે માટે ભારત સહિતના દેશો પ્રયાસરૂપ હતા. યોગની આંતરરાષ્ટ્રીય સંસ્થા ''લાઈફ મિશન'' સાથે જોડાયેલા યોગ-કલ્ચરલ એસોસિએશન દ્વારા છેલ્લા અઢાર વર્ષથી રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વકક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. બીજી તરફ નેશનલ સ્કૂલ ગેમના માધ્યમથી છેલ્લા ૧૨ વર્ષથી યોગાસન સ્પર્ધાનું આયોજન કરવામાં છે.



યોગાસનાનો સ્પાધર્ાત્મક બનાવવા તેમજ આ માટે નાગરિકો વધુ જાગૃત થાય તેવા આશયથી વર્ષ ૧૯૯૮માં રમત-ગમત મંત્રી તરીકેની જવાબદારી સંભાળતા મહેન્દ્રભાઈ ત્રિવેદીએ રાજ્યમાં તેમજ નેશનલ લેવલે યોગાસન સ્પોર્ટ્સ કોમ્પીટીશનની શરૂઆત કરાવી હતી. જેમાં યોગગુરૂ પૂ. રાજશ્રીમૂનિ, આર.જે. જાડેજા, સંતોષ કામદારે પણ જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. જ્યારે હવે દેશમાં યોગાસન, સ્પોર્ટસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી રહેલા ડૉ. ગોપાલજી, ડૉ. ચંદ્રસિંહ ઝાલા, ડૉ. ખાંડેકર, હર્ષદભાઈ સોલંકી, સંતોષભાઈ કામદાર

● અનુસંધાન પાન-૭ પર

# દોઢ લાખ મતદારોએ ઓળખ માટે ગાંધીનગર બેઠક પર આધારકાર્ડ રજુ કર્યા

**નારણપુરામાં સૌથી વધુ ડ્રાયવીંગ લાયસન્સ તો વેજલપુરમાં પાસપોર્ટ, પાસબુક રજુ કર્યા, ઘાટલોડિયામાં પાનકાર્ડ પુરાવામાં રજુ કરી મતાધિકાર ભોગવ્યો**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૮૦ ટકા મતદારોએ ચૂંટણીકાર્ડ રજુ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૧૨,૭૫,૩૯૪ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. આ પૈકી ૧૦,૬૩,૪૭૮ મતદારોએ ચૂંટણીકાર્ડ ઓળખના પુરાવા તરીકે રજુ કર્યુ હતુ.

૩૮૦૭ મતદારોએ મતાધિકારના ઉપયોગ માટે પાસપોર્ટ તો ૩૦,૮૭૮ મતદારોએ ડ્રાયવીંગ લાયસન્સ, ૨૦૨૪ મતદારોએ સંસ્થાના ઓળખપત્રો રજુ કર્યા હતા તો ૭૦૯ મતદારોએ બેંકની પાસબુકને પુરાવા તરીકે રજુ કરી હતી.

૧૦,૧૦૩ મતદારોએ પાનકાર્ડ, તો ૯૦ મતદારોએ મનરેગાના જોબકાર્ડ રજુ કરી ઓળખ આપી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

૧૨૧૪ મતદારોએ હેલ્થ ઈન્સ્યોરન્સની પોલીસી તો ૧૧૫૧ મતદારોએ પેન્શનના ડોક્યુમેન્ટ્સ ઓળખના પુરાવા તરીકે રજુ કર્યા હતા.

એક લાખ ૫૪ હજારથી વધુ મતદારોએ આધારકાર્ડ રજુ કરી પોતાનો મતાધિકાર વાપર્યો હતો.

વિવિધ પુરાવાઓ રજુ કરવાની બાબતમાં જે વિગતો સામે આવી છે તેમાં વેજલપુરમાં ૨૮૬૯ મતદારોએ પાસપોર્ટ રજુ કર્યા હતા જે વિધાનસભાની સાતેય બેઠકમાં વધુ છે. આજ વિધાનસભા મતવિસ્તારમાં ૪૦૩ મતદારોએ પાસબુક રજુ કરી હતી તો ૧૧૩૪ મતદારોએ હેલ્થ ઈન્સ્યોરન્સની પોલીસી ઓળખમાં રજુ કરી હતી.

નારણપુરા વિધાનસભા મતવિસ્તારમાં ૧૧,૩૨૭ મતદારોએ મતદાર તરીકેની ઓળખ માટે ડ્રાયવીંગ લાયસન્સ રજુ કર્યા હતા તો ઘાટલોડિયામાં ૩૦૪૧ મતદારોએ પાનકાર્ડ મતદાર તરીકેની ઓળખ માટે રજુ કર્યા હતા.

# જાહેર સરકારી ઈમારતો તેમજ મિલ્કતો પર હોર્ડિંગ્સ-સ્ટીકર લગાવાશે તો દંડ થશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરની જાહેર ઈમારતો તેમજ સરકારી ઈમારતો પર ખાનગી જાહેરાતના સ્ટીકર કે પોસ્ટર લગાવવામાં આવશે તેની સામે મનપા દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર મનપાના મેયર રીટાબેન પટેલે આ નિર્ણયની જાહેરાત કરી છે. સ્વચ્છ શહેર અભિયાન અંતર્ગત આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શહેરના જાહેર માર્ગો પર આવેલી સરકારી ઈમારતો, લાઈટના થાંભલા, વૃક્ષો પર પણ જો જાહેરાતના સ્ટીકર કે પોસ્ટર ટીંગાડવામાં આવશે કે લગાવવામાં આવશે તે લગાવનાર સંસ્થા સામે દંડનીય કાર્યવાહી કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગાંધીનગર મનપાએ અગાઉ પણ આ નિર્ણય કર્યો હતો પરંતુ તેની અમલવારીમાં તંત્રની ઉદાસીનતા સામે આવી હતી. હવે નવા મેયરે પદભાર સંભાળ્યા બાદ આ નિર્ણયને નવા નિર્ણય તરીકે દોહરાવ્યો છે.

તંત્ર આ દિશામાં નમૂનારૂપ કાર્યવાહી કરે તેવુ પ્રજા પણ ઈચ્છી રહી છે. બસસ્ટેન્ડ તેમજ લાઈટના થાંભલા અને વૃક્ષોના થડ પર આવી જાહેરાતો લગાવવાની ફેશન છેલ્લા થોડા સમયથી આકાર પામેલી છે. જાહેર શૌચાલયોમાં પણ સ્ટીકર અને હેન્ડબિલ લગાવવામાં આવતા હોય છે.

સ્વચ્છનગર અભિયાન સ્વચ્છતા મિશન હેઠળ મેયરે સઘન બનાવવાના નિર્ણય પર ભાર મુક્યો છે.

# હવે ટેસ્ટ ડ્રાઈવની કામગીરી ફરીથી આરટીઓના હવાલે

**ખાનગી કંપનીઓને અપાયેલો કોન્ટ્રાક્ટ અંતે રદ : ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ આપે અને તે કૌભાંડમાં સંડોવાય એટલે કોન્ટ્રાક્ટ બંધ કરી દે છે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સહિત રાજયભરની તમામ જિલ્લાની આરટીઓમાં સેન્સર બેઈઝ ટેસ્ટ ડ્રાઈવ ટ્રેકની કામગીરી માટે અત્યાર સુધી કાર્યરત ખાનગી કંપનીના કોન્ટ્રાકટને રદ કરી દેવામાં આવ્યો છે. હવેથી ટેસ્ટ ડ્રાઈવ ટ્રેક ઉપર આરટીઓના જ ઈન્સ્પેક્ટર અને સ્ટાફ આ કામગીરી સંભાળશે. જો કે, આરટીઓ તંત્ર ઘડીકમાં ખાનગી કંપનીને કોન્ટ્રાકટ આપે અને તે કૌભાંડમાં સંડોવાય એટલે કોન્ટ્રાકટ બંધ કરે, છાશવારે આરટીઓ તંત્રના નાટકો ચાલુ રહે છે, તેને લઈ નાગરિકોમાં ખાસ કરીને વાહનચાલકોમાં રોષની લાગણી ઉઠવા પામી છે. આરટીઓનું તંત્ર વધુ સરળ બનાવવાના બદલે મસમોટી જાહેરાતો અને દેખાડા કરવામાં વધુ જટિલ અને ગૂંચવણભર્યુ ખુદ આરટીઓ સત્તાવાળાઓ જ બનાવી રહ્યા છે, તેવુ એક ચિત્ર પણ સામે આવી રહ્યું છે. ખાનગી કોન્ટ્રાક્ટના સ્ટાફ સામે ભ્રષ્ટાચાર અને ડ્રાઈવિંગ ટેસ્ટ વિના બારોબાર લાઈસન્સ ઈશ્યૂ કરી દેવાતાં હોવાની વ્યાપક ફરિયાદોના પગલે ખાનગી કંપનીનો કોન્ટ્રાક્ટ રદ કરીને ખુદ આરટીઓને જ ડ્રાઈવિંગ લાઈસન્સ માટેનો ટેસ્ટ ટ્રેક ડ્રાઈવનો હવાલો સંભાળી લેવાની ફરજ પડી છે. આરટીઓ ઈન્સ્પેક્ટર માત્ર સ્થળ પર હાજર રહીને નિરીક્ષણ કરતા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# વાગોરને ઠંડક આપવા વૃક્ષો પર પાણીનો છંટકાવ

**આકરી ગરમીમાં વાગોર પક્ષીઓને ઠંડા રાખવા વૃક્ષો પર પાણીનો છંટકાવ : સે-૧૭ ટાઉનહોલ પાસેના હરિયાળા વૃક્ષોમાં વાગોર પક્ષીઓનો આશિયાનો : અબોલ પક્ષીઓનો જીવ બચાવવા ફાયર બ્રિગેડે માનવતા દાખવી**

ગાંધીનગર તા ૩૦

ગરમીએ હદ વટાવી છે. આકરી ગરમીમાં જનજીવન બેહાલ છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર છે. જયારે સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના અંતે મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીને પણ ઓળંગી જતા આકાશમાંથી વરસતી અગ્નજવાળના લીધે નગરજનો ગરમીની અસરથી બચવા ઘરમાં પુરાયેલા રહે છે. બીજીતરફ ખુલ્લામાં જીવતા શ્રમિકોની હાલત પણ કફોડી બની છે. આકરી ગરમીમાં શેકાતી પ્રકૃતિ પણ મુર્ઝાયેલી રહેતા હરિયાળા વૃક્ષોમાં બસેરો કરતા અબોલ પક્ષીઓ પણ દયાજનક સ્થિતિમાં મુકાયા છે. અસહ્ય ગરમીમાં તરસ્યા પક્ષીઓને ઠંડા કરવા માટે શહેરમાં પક્ષી પરબનુ વિતરણ પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે સેકટરોમાં વસાહતીઓ પક્ષી પરબ મુકી અબોલ માટે જીવદયા દાખવી રહ્યા છે. હરિયાળા ગાંધીનગરના સેકટરોમાં વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાથી પક્ષીઓ માટે વૃક્ષોની વનરાજી આર્શીવાદરૂપ પુરવાર થઈ છે. પરંતુ ગરમી પ્રકોપના લીધે વૃક્ષોમાં રહેવાનુ પણ પક્ષીઓ માટે મુશ્કેલ બને છે. બખોલમાં બેસતા પક્ષીઓ માટે ગરમીમાં ઉડાન ભરવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. સે-૧૭ ટાઉનહોલ સામે સ્થિત હરિયાળી વનરાજીમાં વાગોડ પક્ષીઓનો ડેરો છે. આ સ્થળે મોટી સંખ્યામાં આ પક્ષીઓની મહાસભા મળે છે. સાંજના



શહેરમાં અનેક ઠેકાણે ઢળતી સાંજે પક્ષીઓનો મીઠો કલરવ સંભળાય છે. હીટવેવથી બચવા માટે હરિયાળા વૃક્ષોની સમયે આ પક્ષીઓનો મીઠો કલરવ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બને છે.

● અનુસંધાન પાન-૭ પર


## હાર્દિક અભિનંદન



રીટાબેન કેતનભાઈ પટેલ
મેયરશ્રી
ગાંધીનગર મહાનગરપાલિકા



નાઝાભાઈ ઘાંઘર
ડેપ્યુટી મેયરશ્રી
ગાંધીનગર મહાનગરપાલિકા

આપ બંનેની ગાંધીનગર મહાનગરપાલિકામાં રીટાબેન કે. પટેલ - મેયર તથા નાઝાભાઈ ઘાંઘર - ડેપ્યુટી મેયર તરીકે વરણી થતાં અમો સૌ હર્ષની લાગણી અનુભવીએ છીએ અને આપ બંનેને અમારા સૌ વતી હાર્દિક અભિનંદન સહ આપ બંનેના નેતૃત્ત્વમાં મહાનગરપાલિકાની પ્રગતિ થાય અને નગરજનોની સુખાકારીમાં ઉત્તરોત્તર વધારો થાય તેવી શુભેચ્છાઓ સહ....

લી.

**દલિત અધિકાર સંઘ**

વસંતભાઈ જાદવ
ચન્દ્રવદન એમ. પરમાર
જીતુભાઈ ફકીરભાઈ વાઘેલા
કાન્તીભાઈ એમ. પરમાર
ખોડીદાસ એમ. પરમાર

## જોઈએ છે

**શ્રીમતી માણેકબા પ્રાથમિક શાળા**
અડાલજ, જિ. ગાંધીનગર માટે
**વ્યાખ્યાતા શિક્ષક**

: લાયકાત :
સ્નાતક અને CPEd અથવા DPEd અથવા BPEd

લાયકાતના પ્રમાણપત્રો સાથેની અરજી સાથે તા. ૬/૫/૨૦૧૯ સુધીમાં સવારે ૯ થી ૧૧ દરમિયાન આચાર્યાને રૂબરૂ મળો.

આચાર્યા
શ્રીમતી માણેકબા પ્રાયોગિક પ્રા. શાળા
અડાલજ, જિ. ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

ઋણ સ્વીકાર સાથે વર્ષ ૨૦૧૯-૨૦ના સભ્યપદ સ્વીકારવાનું બંધ કરેલ છે

અમારી સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો માણી આપે મુકેલ વિશ્વાસ ધ્વારા આ વર્ષે સભ્યપદ મેળવવામાં અનેરો ઉત્સાહ જોવા મળેલ છે. આ વર્ષમાં ખૂબ જ ટૂંકા સમયગાળામાં અમારી સંસ્થાનું સભ્ય પદ મેળવી અમારા લક્ષ્યાંકને ઝડપથી પુરો પાડેલ છે. જે બદલ અમો આપનો સહૃદયી આભારી છીએ. અમારી ફરજ થઈ પડે છે કે આપે મુકેલ વિશ્વાસને સાર્થક કરવો અને આપને યોગ્ય લાભ આપવો. જેથી હવે પછી નવા વર્ષનું સભ્યપદ સ્વીકારવાનું બંધ કરેલ છે. આશા છે કે, આપ આ વર્ષના વૈવિધ્યસભર કાર્યક્રમો માણવા સમયસર જ ચોકકસ આવશો જ.

-સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

www.capitaloffset.in

## કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com